ANUBHAVS



# જેનાં હૃદયમાં શ્રીગુરુસ્મરણ...તેને કેવો ભય દારુણ...

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com

- અરુણ કુલકર્ણી

18 મે 2005નાં દિવસની આ વાત છે. પૂનાથી હું, મારી પત્ની અને મારા બાળકો, અમે બધા શ્રીક્ષેત્ર નરસોબાની વાડી અને બેલગાવ જવા માટે 6.00 વાગ્યે અમારી મારુતિ ગાડી લઈને નીકળ્યા હતાં. સવારે વહેલા નીકળ્યા હોવાથી ઉપાસના કરવાની બાકી હતી, તેથી અમે ગાડીમાં સદ્ગુરુ ઉપાસના અને ઘોરકષ્ટોધરણ સ્તોત્રનું પઠણ શરુ કર્યુ હતું.

પૂનાથી 35.00 કિ.મી.નાં અંતરે અમે કારમાં પેટ્રોલ ભરાવીને અમે આગળ ગયા હતાં, આ સમયે સવારના સાતેક વાગ્યા હશે. આગળના રસ્તાના અડધા ભાગમાં ડાંબરનાં રોડનું કામ ચાલતુ હતું. તેથી બાકીના અડધા ભાગમાં જ બંને તરફની ગાડીઓની અવર જવર થતી હતી. સવારનો સમય હોવાથી વધારે ટ્રાફિક હતો નહિં. પરંતુ તેજ ગાડી ચલાવી શકાય તેમ પણ નહોતું. અમારી ગાડીની આગળ એક કન્ટેનર ખૂબ જ ધીમી ગતિથી ચાલતુ હતું. તેથી અમારી ગાડીની ગતિ પણ ખૂબ જ મંદ હતી.

લગભગ 400 થી 500 મીટરનું અંતર કાપ્યા પછી કન્ટેનર અચાનક ઉભુ રહી ગયુ હતું. તેથી મેં પણ બ્રેક મારીને મારી ગાડી ઉભી રાખવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગાડી ઉભી રહેતી નહોતી. ગાડીના ટાયર પણ નવા હતાં, તેથી રસ્તા પર જોરદાર ઘસાવાથી તેનાં નિશાન પણ પડી ગયા હતાં. મેં જમણી બાજુથી ઓવરટેક કરીને આગળ જવાનો વિચાર કર્યો હતો, પરંતુ સામેથી ટ્રક આવતી હતી. ડાબી બાજુએ કિનારા પર રસ્તાનું કામ કરતા લોકો બઠેલાં હતાં. મારી બાજુમાં મારો દીકરો બેસેલો હતો, તેણે પણ હેન્ડ બ્રેક મારતા ગાડી ઉભી રાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વ્યર્થ ગયો હતો.

ગાડી કન્ટેનર સાથે અથડાવાની જ હતી. તેથી હું જોર જોરથી હોર્ન મારતો હતો. પરંતુ કોઈ ફાયદો થયો નહિં. અંતમાં ગાડી કન્ટેનર સાથે અથડાઈ જ ગઈ હતી. આ સમયે અનાયસતાથી ગાડી થોડી ડાબી બાજુ તરફ વળી ગઈ હતી, અન્યથા ગાડી સીધી કન્ટેનરની નીચે જવાની સંપૂર્ણ શક્યતા



હતી અને અમને બધાને ગંભીર ઈજા થવાની પણ શક્યતા હતી. પરંતુ ડ્રાઈવર તરફથી ગાડી ઘસડાવવાથી મને  ઘણુ વાગ્યુ હતું. પરંતુ અન્ય ત્રણમાંથી કોઇને પણ બિલકુલ છોલાયુ નહોતું.

આ દુર્ઘટના પછી હું શૂન મારી ગયો હતો. મારી તરફનો દરવાજો પણ ખૂલતો નહોતો. પાછળથી આવનાર વાહનોની સંખ્યા પણ વધી ગઈ હતી. તેમાંથી એક મારુતિ ઝેન ના ડ્રાયવરે અમને ગાડીમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી. મારી પત્ની અને બાળકો ખૂબ જ ગભરાઈ ગયા હતાં. આ ડ્રાયવરે અમારી ગાડીનો સામાન, અમારા ચંપલ, ગાડીનું ટેપ રેકોર્ડ અને મારા દીકરાના ચશ્મા બહાર લઈ લીધા હતાં. આ ગાડી લગ્નસમારોહમાં જઈ રહી હતી. તેણે પોતાની ગાડીમાં બેઠેલા યાત્રીઓને ઉતારીને અમને નસરાપુર સ્થિત સિદ્ધિવિનાયક હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં. મને 7-8 જગ્યાએ વાગ્યું હતું અને જમણા હાથમાં કાચનાં ટુકડા ઘુસી ગયા હતાં. મારી પત્નીનાં જમણા પગમાં બેઠો માર વાગ્યો હતો, તેથી તે ઉભી થઈ શક્તી નહોતી. હોસ્પિટલ પહોંચ્યા પછી અમે પૂનામાં રહેતા અમારા પરિચિતજનોને ફોન કરીને સમગ્ર ઘટનાની વાત કરી હતી અને અમારા માટે ત્યાંથી ગાડીની વ્યવસ્થા કરવા માટે વિનંતી કરી હતી. આ સમય દરમ્યાન મને અને મારી પત્નીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. લગભગ દોઢ કલાક પછી અમને લેવા માટે એક  સુમો ગાડી આવી હતી. અમે આ ગાડીમાં ઘરે પરત આવ્યા હતાં.

આજે પણ આ ઘટનાની યાદ આવતાં જ શરીર કંપી ઉઠે છે. મનમાં વિચાર ઉદ્ભવે છે કે આટલા બધા ભયાનક અકસ્માત દ્વારા અમારા કુટુંબ પર હુમલો કરનાર  મહાકાળને કોણ રોકી શકે છે? કોનામાં આટલી બધી શક્તિ છે?  કન્ટેનર શા માટે ઉભુ રહી ગયુ હશે? ત્યારબાદ અમારી મદદ કરવા માટે મારુતિ ઝેન કેવી રીતે ઉભી રહી હશે? આ ઉપરાંત આ જીવલેણ દુર્ઘટના પછી અમે બધા માત્ર આઠ જ દિવસમાં કેવી રીતે સ્વસ્થ થઈ ગયાં આ બધા સવાલોનો માત્ર એક જ જવાબ છે... આ બધી માત્ર આપણાં સદ્ગુરુ બાપુજીની જ લીલાં છે ને!

પેટ્રોલ પંપથી આગળ વધતા સમયે અમે બધા સદ્ગુરુ ઉપાસના અને ઘોરકષ્ટોધરણનું પઠણ કરતા હતાં. આવી પરિસ્થિતીમાં અમને ઉગારનાર  માત્ર સદ્ગુરુ બાપુજી જ હોઈ શકે છે... મારા પરમ પૂજ્ય સદ્ગુરુ શ્રીઅનિરુદ્ધ બાપુજી !

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com